સિંચાઇ વિભાગ હસ્તકનાં તળાવ, ડેમ, ચેકડેમ અને બંધારા
ઉંડા કરતા નીકળતા ખનિજોનાં નિકાલ બાબત

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંક: સીડીએમ/૨૦૧૩/મુમક-૩/(૨૪)/ક-૨,
સચિવાલય., ગાંધીનગર.
તા.૨૯/૦૪/૨૦૧૩.

સંદર્ભ : સરકારશ્રીના ખાણ અને ખનિજ વિભાગનાં ઠરાવ ક્રમાંક:જીએમઆર/૨૦૧૩/૧૨૨૧/છ,
તા.૧૭/૦૪/૨૦૧૩.

**પુર્વભુમિકા:**

રાજય સરકાર દ્વારા ચાલુ વર્ષે સિંચાઇ યોજનાઓમાં પાણી ન હોવાથી જમા થયેલ કાંપ દૂર કરવાની કામગીરી બહોળા પ્રમાણમાં હાથ ધરવામાં આવેલ છે. સિંચાઇ યોજનાઓમાં જમા થયેલ કાંપ વિના મૂલ્યે ખેડૂતોને આપવા માટેના ઉદ્યોગ, ખાણ અને ખનિજ વિભાગના તા.૨૦/૦૧/૨૦૦૭નો ઠરાવ અમલમાં છે. આ ઠરાવના અનુસંધાને ખેડૂતો દ્વારા સિંચાઇ યોજનાઓમાં જમા થયેલ કાંપ ઉપાડવાની કામગીરી હાલ બહોળા પ્રમાણમાં ચાલી રહેલ છે.

સિંચાઇ યોજનાઓમાંથી કાંપ ઉપરાંત ખનિજ કાઢવામાં આવે તો યોજનાની સંગ્રહશકિતમાં વધારો થઇ શકે તેમ છે. આ બાબતે ખાણ અને ખનિજ વિભાગ સાથે મીટીંગ દરમ્યાન ચર્ચા વિચારણા કરવામાં આવેલ. જેના અનુસંધાને ખાણ અને ખનિજ વિભાગ દ્વારા તા.૨૦/૦૧/૦૭ ના ઠરાવમા ઉલ્લેખ કર્યા સિવાયના કામો માટે ખનિજનો ઉપયોગ કરવામાં આવે તો કેટલીક શરતોને આધીન તેમજ એડવાન્સ રોયલ્ટી જમા કરાવીને મંજૂરી આપવાની જોગવાઇ કરવામાં આવેલી છે. આ ઠરાવના અનુસંધાને વિભાગ દ્વારા નીચે પ્રમાણેની કાર્યપધ્ધતિ નકકી કરવામાં આવે છે.

**ઠરાવ:**

(૧) ખેડૂતો દ્વારા સિંચાઇ યોજનાઓમાં જમા થયેલ સીલ્ટ (માટી) ખાણ અને ખનિજ વિભાગ દ્વારા તા.૨૦/૦૧/૦૭ ના ઠરાવમા દર્શાવેલ ઉપયોગ માટે રોયલ્ટીની ભરપાઇ કર્યા સિવાય ઉપયોગ કરી શકાશે. સિંચાઇ વિભાગ દ્વારા આવી ખેડૂતોની માંગણીના અનુસંધાને યોજનાના સંબંધિત પેટાવિભાગ દ્વારા ડેમ સલામતીના મુદ્દાને ધ્યાનમાં રાખી પ્રવર્તમાન માર્ગદર્શીકા મુજબ ખેડૂતોને માટી ઉપાડવાની મંજૂરી આપવાની રહેશે. દરરોજ ઉપાડવામાં આવેલ ડીસીલ્ટ માટીની નોંધ રાખવાની રહેશે.

(૨) જમા થયેલ કાંપનો ઉપયોગ ખાણ અને ખનિજ વિભાગનાં તા.૨૦/૦૧/૦૭ ના પરિપત્રમાં ઉલ્લેખ કરેલ હેતુ સિવાયનાં ઉપયોગ માટે માંગણી આવે તો સરકારશ્રી કક્ષાએથી મંજૂરી મેળવવાની રહેશે તેમજ નિયમ મુજબ રોયલ્ટી પણ ભરવાની રહેશે.

(૩) ખાણ અને ખનિજ વિભાગ દ્વારા તા.૧૭/૦૪/૧૩ ના ઠરાવમા દર્શાવેલી વિગતોને આધીન તા.૨૦/૦૧/૦૭ નાં ઠરાવમાં દર્શાવ્યા સિવાયના કામોમાં જો ખનિજનો ઉપયોગ કરવામાં આવે તો સંબંધિત અરજદાર/કોન્ટ્રાકટર જિલ્લાના ભૂસ્તરશાસ્ત્રીની કચેરીમાં એડવાન્સ રોયલ્ટી ભરી રોયલ્ટી પાસ મેળવી નિયમોનુસાર પરમીટ મેળવી ઉપયોગ કરી શકશે. આ બાબતે સિંચાઇ યોજનાઓમાં કાંપ સિવાય ખનિજના ઉપયોગ માટે એન્ડ યુઝર્સ દ્વારા થતી માંગણીને અગ્રતા આપવાની રહેશે. આવી દરખાસ્તોની મંજૂરી સરકારશ્રી કક્ષાએથી આપવાની રહેશે. સદરહું કામગીરી વખતે ડેમ સલામતીના મુદ્દાનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪) ખાણ અને ખનિજ વિભાગના તા.૨૦/૦૧/૦૭ ના ઠરાવમા ઉલ્લેખ કરાયેલ અન્ય શરતોનું ક્ષેત્રીય કચેરીઓએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમે અને તેમનાં નામે.

(કે. પી. ગાંધી )
ઉપસચિવ (જળસંચય)

નકલ સાદર રવાના પ્રતિ,

માનનીય મંત્રીશ્રી (જ.સં.) નાં અંગત મદદનીશશ્રી,
માનનીય રાજ્ય કક્ષાનાં મંત્રીશ્રી (જ.સં.) નાં અંગત મદદનીશશ્રી,
સચિવશ્રી, (જ.સં.) ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર.
મુખ્ય ઇજનેર (સૌ) અને અધિક સચિવશ્રી,
મુખ્ય ઇજનેર (ઉ.ગુ.) અને અધિક સચિવશ્રી,
મુખ્ય ઇજનેર (દ.ગુ.) અને અધિક સચિવશ્રી,
મુખ્ય ઇજનેર (મ.ગુ.) અને અધિક સચિવશ્રી,
મુખ્ય ઇજનેર (પં.) અને અધિક સચિવશ્રી,
મુખ્ય ઇજનેર (ગુ.નિ.) અને અધિક સચિવશ્રી
અધીક્ષક ઇજનેરશ્રી, ન.જ.સ.પા.પુ.અને ક. વિભાગ, (તમામ) તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે.